### સુરત ડાયમંડ એસો.સંચાલિત RTSV હોસ્પિટલનો દશાબ્દી મહોત્સવની ઉજવણી

# કિરણ-2 600 બેડની થશે તો 50 સીટની મેડિકલ કોલેજ સાથે સુરતને ત્રીજી મેડિકલ કોલેજ મળશે

**કિરણ-2** હોસ્પિટલ માટે દાતાઓએ મન મૂકીનો દાનનો ધોધ વહાવ્યો

**ડાયમંડ** હોસ્પિટલમાં જન્મ લેનાર 400 દિકરીઓને રૂ.1-1 લાખના બોન્ડ પ્રમાણપત્રો એનાયત

### 2014થી 2023 સુધીના પ્રત્યેક વર્ષની એક દિકરીના નામની ચિઠ્ઠી ઉપાડી ઈનામી ડ્રો કરાયો

આ પ્રસંગે ડાયમંડ હોસ્પિટલને દાન આપનારા દાતાઓ, જુદાજુદા કાર્યોમાં સહકાર આપનારા આગેવાનો તેમજ ડાયમંડ હોસ્પિટલમાં પોતાની સેવા આપી રહેલા તબીબોનું સન્માન કરવામાં આવ્યું હતું. છેલ્લા 10 વર્ષમાં ડાયમંડ હોસ્પિટલમાં જન્મેલી દિકરીઓની દર વર્ષની નામાવલી અનુસાર મહાનુભાવોના હસ્તે લકી ડ્રો કરવામાં આવ્યો હતો. અને 2014થી 2023 સુધીના વર્ષમાં પ્રત્યેક વર્ષની એક દિકરીની ચીઠ્ઠી ઉપાડીને ઇનામી ડ્રો કરવામાં આવ્યો હતો.

સુરતઃ સુરત ડાયમંડ એસોસિએશનની આરોગ્ય સમિતિ સંચાલિત આર.ટી. એસ.વી. ડાયમંડ હોસ્પિટલનો દશાબ્દી મહોત્સવની રવિવારે ઉજવણી કરવાની સાથે સંસ્થાની સૂચિત કિરણ-2 હોસ્પિટલને ઝડપભેર વિકસાવવાનો મક્કમ નિર્ધાર કરવામાં આવ્યો હતો. દશાબ્દી મહોત્સવ પ્રસંગે રવિવારે ડાયમંડ હોસ્પિટલમાં જ જન્મ લેનારી 400 દિકરીઓના પરિવારજનોને રૂ.1-1 લાખની કિંમતના બોન્ડ મહાનુભાવોના હસ્તે એનાયત કરાયા હતા. સાથે કિરણ-2 હોસ્પિટલ માટે લાખો રૂપિયાનું નવું દાન દાતાઓએ મન મૂકીને જાહેર કર્યું હતું. સમારોહમાં નવું દાન આપનારા દાતાઓનું જાહેર અભિવાદન કરવામાં આવ્યું હતું.

કિરણ-2 હોસ્પિટલને જો 600 બેડની કરવામાં આવે તો તેને 50 સીટની મેડિકલ કોલેજ આપવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. સુરત ડાયમંડ એસોસીએશન સંચાલિત આર.ટી. એસ.વી. ડાયમંડ હોસ્પિટલના દશાબ્દી મહોત્સવનું આયોજન જ્યાં કરવામાં આવ્યું હતું એ કિરણ-2 હોસ્પિટલ જ્યાં નિર્માણ પામવાની છે એ લોકશન (ગ્રાઉન્ડ) પર આજે દશાબ્દી મહોત્સવમાં સમારોહના આરંભે ડાયમંડ હોસ્પિટલના ચેરમેન સી.પી. વાનાણીએ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું તથા સંસ્થાના ઉપપ્રમુખ કેશુભાઈ ગોટીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

## ગેરકાયદે ભારતમાં ઘુસેલા બાંગલાદેશીના નામમાં ફેરફાર કરનાર આરોપીના જામીન નામંજૂર

સુરતઃ ભારતમાં ગેરકાયદેસર રીતે પ્રવેશીને સુરતમાં રહેતા બાંગલાદેશી શિયાન મોહમદ મન્નન ખલીફાએ પહેલા જ બોગસ આધાર કાર્ડ બનાવ્યું હતું. તેમાં ફેરફાર કરવા માટે શિયાન આરોપી આકાશ સંજય માનકર(રહે., જોલવા રેસિડેન્સી, જોલવા ગામ, કડોદરા)ને મળ્યો હતો. આરોપી આકાશ જોલવામાં સીએસસી સેન્ટર ચલાવતો હતો. આકાશ સીએસસી સેન્ટર ચલાવવાની સાથે કોલેજમાં અભ્યાસ કરે છે. આકાશે આરોપી શિયાન પાસેથી 1500 રૂપિયા લઈને તેના નામમાં ફેરફાર કરી આપ્યો હતો. આકાશ હાલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. આરોપીએ જામીન પર મુક્ત થવા માટે તેના એડવોકેટ મારફત કોર્ટમાં અરજી કરી હતી. સરકાર તરફે એડવોકેટ એપીપી ડી.વી.દવેએ આરોપીની જામીન અરજીનો વિરોધ કર્યો હતો. કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

## વેસુ પોલીસમાં યુવકના મોત મામલે 8 લોકો સહિતના ટોળા સામે હત્યાનો ગુનો દાખલ

**ટોળાએ** સાગરને ઘસડીને નીચે પાડી ઢીકમુક્કીનો માર મારતા સીસીટીવીના આધારે ગુનો દાખલ

સુરતઃ વેસુ ખાતે આગમ શોપિંગ વર્લ્ડની સામે વેસ્ટ ફીલ્ડ કોમ્પ્લેક્ષમાં બે દિવસ પહેલા એક યુવકને ટોળાએ માર મારી પોલીસના હવાલે કર્યો હતો. પોલીસ સ્ટેશનમાં લઈ ગયા બાદ યુવકનું મોત નીપજ્યું હતું. આ અંગે વેસુ પોલીસે આજે 8 લોકોની સામે હત્યાનો ગુનો નોંધી તેમની ધરપકડ કરી છે. વેસુ પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ વેસુ આભવા રોડ પર નંદની-1 એપાર્ટમેન્ટમાં રહેતા 37 વર્ષીય સૌરભભાઈ સુશીલભાઈ નેવાતીયાએ વેસુ પોલીસ સ્ટેશનમાં તેના ભાઈ સાગરની હત્યા કરનારા આરોપીમાં રોયલ સ્ટેશનરી વાળા અમન, ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈનીંગ એન્ડ ટેકનોલોજી વાળા રાજેશ બોરસે, અક્ષય અને અનુપમ તથા રિયલ એસ્ટેટવાળો વીર પટેલ, ભારત મસાલા સ્ટોર વાળો નીતિન, સેવન સલુન વાળો અમર અને અન્ય અજાણ્યાઓ સામે હત્યાનો ગુનો નોંધાવ્યો હતો. સાગરે બે દિવસ પહેલા વેસુ વેસ્ટ ફીલ્ડ કોમ્પ્લેક્ષમાં કોઈ અશ્લીલ કૃત્ય કરતો હતો. જેથી આરોપીઓ સહિતના ટોળાએ સાગર ઉપર હુમલો કર્યો હતો. સાગરને ઝાડુથી તથા હાથ તેમજ પગથી ઢીક મુક્કીનો માર મારી નીચે પાડ્યો હતો. અને ઘસડીને આડેધડ માર માર્યો હતો. આ તમામ દ્રશ્યો સીસીટીવીમાં કેદ થયા હતા.

આ બનાવ બાદ વેસુ પોલીસને જાણ થતા પોલીસ સાગરને પોલીસ સ્ટેશન લઈને આવી હતી. અને પોલીસ સ્ટેશનમાં જ તેનું મોત થયું હતું. દરમિયાન પોસ્ટમોર્ટમમાં સાગરનું મોત ટોળાના મારથી થયાનું તારણ આવતા વેસુ પોલીસે ગુનો નોંધી 8 જણાની ધરપકડ કરી હતી.

## ઘરેથી ભાગી રસ્તા પર ભિક્ષુક જેવું જીવન વિતાવતા બાળકનું સુરત પોલીસે પરિવાર સાથે મિલન કરાવ્યું

**મામા** મારતા હોવાથી બાળક ભાગીને વતન દાદીના ઘરે જવા માંગતો હતો

**નવી** સિવિલ પીએમ રૂમ બહાર બાંકડા ઉપર બેસેલા બાળક ઉપર એમ્બ્યુલન્સ ડ્રાઈવરની નજર ગઇ



સુરતઃ અઢી મહિના પહેલાં ગુમ થયેલા એક બાળકનો સુરતના મિસિંગ સેલે તેના પરિવાર સાથે મેળાપ કરાવ્યો છે. આમ તો આ મિસિંગનો કિસ્સો પ્રથમ દ્રષ્ટિએ સામાન્ય લાગે પરંતુ તેમાં ઘણા વળાંક આવે છે. મામા મારતા હોવાથી કંટાળીને આ બાળક ઘરેથી ભાગી ગયો હતો અને સુરતમાં અઢી મહિના સુધી ભિક્ષુકની જેમ રસ્તા ઉપર જીવન વિતાવતો હતો. તેના માતા પિતાએ પણ તેના મિસિંગ અંગેની કોઇ ફરિયાદ નોંધાવી ન હતી. સૌથી ચોંકાવનારી બાબત તો એ છે કે, જ્યારે બાળક મળ્યો ત્યારે તેના પિતા જ તેને ઓળખી શક્યા ન હતાં. જોકે સુરત મિસિંગ સેલની મહેનત અને નિષ્ઠાના કારણે આ બાળક પરિવારને મળી શક્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર 17 માર્ચે મહિલા અને બાળમિત્ર સંસ્થાના કો-ઓર્ડિનેટર પિયુષકુમાર શાહને સુરત સિવિલ હોસ્પિટલમાંથી એમ્બ્યુલન્સના ડ્રાઈવરનો ફોન આવ્યો હતો. ડ્રાઈવરે કહ્યું હતું કે, પીએમ રૂમ પાસે બાંકડા પર એક લાવારીસ બાળક બેઠો છે અને તે બિહારનો હોવાનું જણાવે છે. તમે તેના માટે કંઈ કરો? આ ફોન આવ્યા બાદ પિયુષકુમાર શાહ તે બાળક પાસે ગયા હતા. તેઓ તેને લઈને ક્રાઈમ બ્રાન્ચની મિસિંગ સેલમાં પહોંચ્યા હતા. પીઆઈ પી.જે. સોલંકીએ બાળકની પૂછપરછ કરી ત્યારે તેણે તેનું નામ કુલદીપ ધર્મવીર કુર્મી જણાવ્યું હતું. પોતે બિહારના ઈટૌરાનો રહેવાસી હોવાની વિગત આપી હતી.

આ વિગતના આધારે પોલીસે બિહાર પોલીસનો સંપર્ક કરી બાળકના મિસિંગ, અપહરણની ફરિયાદ છે કે કેમ તે તપાસ કરાવી. પરંતુ ત્યાં કોઈ ફરિયાદ નહોતી. બાળકે આપેલા સરનામા અનુસાર બિહાર પોલીસને તે સરનામે તપાસ કરવા વિનંતી કરી હતી. તે સરનામા પર બાળકની દાદી મળી હતી. દાદીએ તેમનો પુત્ર કડોદરાના વરેલીમાં પરિવાર સાથે રહેતો હોવાનું કહ્યું હતું. આથી પોલીસે કડોદરા પોલીસમાં તપાસ કરાવી. ત્યાં પણ કોઈ ફરિયાદ નહોતી. દાદીએ આપેલા સરનામા મુજબ શોધખોળ કરતા રાત્રિના 11 વાગ્યે કડોદરામાં બાળકનો પરિવાર મળી આવ્યો હતો. ચોંકાવનારી વાત એ છે કે અઢી મહિના બાદ મળેલા બાળકને તેના પિતા ઓળખી શક્યા નહોતા. બાળકે પોતાનું નામ કુલદીપ કહ્યું ત્યારે તે ઓળખી શક્યા હતા. કુલદીપ 31 ડિસેમ્બર 2023થી ગુમ હતો, પોતે શોધવાનો પ્રયાસ કર્યો. ન મળ્યો તો નસીબ પર છોડી દીધું. પોતે ગરીબ હોવાથી પોલીસ ફરિયાદ ન કરી હોવાની કેફિયત પિતાએ જણાવી હતી. આમ જે બાળકને પરિવાર શોધતો નહોતો તેવા કિસ્સામાં પીઆઇ પી.જે.સોલંકીની કર્તવ્ય નિષ્ઠા, માનવતા અને પિયુષકુમાર શાહના સહયોગથી અઢી મહિનાથી ગુમ બાળક તેના પરિવારને મળી શક્યો હતો.

# શહેરમાં અચાનક બેભાન થઈ જતાં મહિલા સહિત બેનાં મોત

**ભાટપોર** ગામની કંપનીમાં કામ કરતી વખતે ચક્કર આવતા મહિલાને હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, તેમજ સચિન જીઆઇડીસીમાં રૂમના ઓટલા ઉપર ઢળી પડતાં યુવકનું મોત નિપજ્યું



સુરત : શહેરમાં અચાનક બેભાન થઈ જતાં મહિલા સહિત બેનાં મોત નિપજ્યા હતા. જેમાં ભાટપોર ગામની કંપનીમાં કામ કરતી વખતે ચક્કર આવતા મહિલાને સારવાર હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, તેમજ અન્ય બનાવમાં સચિન જીઆઈડીસીમા રૂમના ઓટલા ઉપર ઢળી પડતાં યુવકનું મોત નિપજ્યું હતું.

મળેલી માહિતી મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ ભાટપોર ગામ ખાતે આવેલા દરજી ફળિયામાં વંદનાબેન સંગ્રામલાલ તિવારી (35 વર્ષ) રહેતી હતી. વંદનાબેન સ્થાનિક વિસ્તારમાં આવેલી એક કંપનીમાં કોમ્પુટર ઓપરેટર તરીકે નોકરી કરતી હતી. વંદનાબેન બે મહિનાથી પતિથી અલગ રહેતી હતી. વંદનાબેનને છેલ્લા દસેક દિવસથી ખેંચની બીમારી થઈ હતી.

જેથી તે ઘરે રહેતી હતી. રવિવારે તે નોકરી ઉપર ગઈ હતી. તે દરમિયાન તેને ચક્કર આવવા લાગ્યા હતા. જેથી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ત્યારબાદ વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. જોકે તેના મોતનું કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ ખબર પડશે.

બીજા બનાવમાં, મૂળ ઓરિસ્સાના વતની અને હાલ સચિન જીઆઇડીસી વિસ્તારમાં આવેલા સિદ્ધિગણેશ રો હાઉસની સામે બુલ્લુ રામ સ્વાઈ (35 વર્ષ) પરિવાર સાથે રહેતો હતો. બુલ્લુ હેન્ડ લુમ્સ ખાતામાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. રવિવારે સાંજે 7 વાગ્યાના સુમારે બુલ્લુ રૂમના ઓટલા ઉપર ઢળી પડ્યો હતો. જેથી તેને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

## ઈન્ડિગોની ગ્રાઉન્ડેડ થયેલી સુરત - દિલ્હી ફ્લાઈટ સોમવારે રાતે 3 વાગ્યે ટેકઓફ થઈ

સુરતઃ ગઈકાલે ઈન્ડિગો એરલાઈન્સની રાતની દિલ્હી - સુરત - દિલ્હી ફ્લાઈટ સુરત એરપોર્ટ ઉપર લેન્ડ થયા પછી એમાં ટેક્નિકલ ખામી સર્જાતા વિમાન સુરત એરપોર્ટ ગ્રાઉન્ડેડ કરવામાં આવ્યું હતું. આ ફ્લાઈટમાં રાતભર રિપેરિંગનું કામ થયા પછી રવિવારે રાતે 9.20 કલાકે દિલ્હી ટેક ઓફ થનારી ફ્લાઈટ સોમવારે રાતે 3 વાગ્યે સુરત એરપોર્ટ રવાના થઈ હતી. આ ફ્લાઈટ 5.50 કલાક મોડી પડી હતી. ઈન્ડિગોનાં સૂત્રોના જણાવ્યા મુજબ પાયલોટે ATC ને વિમાનમાં ટેક્નિકલ ખામી હોવાની શંકા વ્યક્ત કરતા આ ફ્લાઈટ ટેક્નિકલ તપાસ માટે સુરત એરપોર્ટ પર ઉતારવામાં આવી હતી. વિમાનના એન્જિન અને અન્ય ભાગોની તપાસ કરવા અને એની મરામત કરવામાં કલાકો લાગ્યા હતા. રવિવારે આ ફ્લાઈટ રાતે 8.48 કલાકે સુરત એરપોર્ટ લેન્ડ થયેલી ફ્લાઈટ એના નિર્ધારિત સમય રાતે 9.20 કલાકે સુરતથી દિલ્હી જવાને બદલે બીજા દિવસે રાતે 3 વાગ્યે રવાના થઈ હતી.

## લિંબાયતમાં નમાઝ પઢવા ગયેલા યુવકને મારવા આવેલા ચાર ટપોરીઓએ મોપેડની તોડફોડ કરી

**યુવકની** પત્નીએ પોલીસ બોલાવવાનું કહેતા તેને જાનથી મારી નાખવાની ધમકી આપી

સુરત : લિંબાયતમાં નમાઝ પઢવા ગયેલા યુવકને મારવા આવેલા ચાર ટપોરીઓએ તેની મોપેડની તોડફોડ કરી હતી. અને યુવકની પત્નીએ પોલીસ બોલાવવાનું કહેતા તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

લિંબાયત ખાતે ચંદા ડેરી પાસે ખાનપુરામાં રહેતા 38 વર્ષીય જુમ્માખાન નુરમહોમદ પઠાણ સાડીમાં ચરક કામ કરવાનું કામ કરે છે. તેમણે લિંબાયત પોલીસ સ્ટેશનમાં ગઈકાલે અજય ભુરીયા તથા તેની સાથે આવેલા ત્રણ અજાણ્યાઓ (રહે-છત્રપતિ શિવાજીનગર, લિંબાયત) સામે ગુનો નોંધાવ્યો છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગઈકાલે સાંજે જુમ્માખાન ઘરની નજીક મદીના મસ્જીદમાં નમાઝ પઢવા ગયા હતા. તે સમયે આરોપીઓ તેમના ઘરે આવ્યા હતા. અજય ભુરીયા પાસે તલવાર જેવુ હથિયાર અને અન્ય ત્રણ જણા પાસે લાકડાના ફટકા હતા. આવીને જુમ્માખાનના ઘર આગળ ગાળાગાળી કરતા હતા. જેથી તેની પત્નીએ આરોપીઓને ગાળો નહીં બોલવાનુ કહ્યું હતું. બાદમાં આરોપીઓએ જુમ્માખાને 6 મહિના પહેલા ખરીદેલી મોપેડ (જીજે-05-એનઝેડ-0379) ને તલવાર અને લાકડાના ફટકા વડે તોડફોડ કરી આશરે 10 હજારનું નુકશાન કર્યું હતું. જુમ્માખાનની પત્નીએ મોપેડ તોડવાની ના પાડી પોલીસ બોલાવવાનું કહેતા આરોપીઓએ તેણીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## રોડ અકસ્માતમાં મોતને ભેટનાર બે યુવકોના વારસદારોને વળતર પેટે 72 લાખ ચૂકવવા ટ્રિબ્યુનલે હુકમ કર્યો

**રોહિતના** વારસદારોને 44 લાખ અને સુધીરના વારસદારોને 28 લાખ રૂપિયા ચૂકવવાનો હુકમ

સુરતઃ રોડ અકસ્માતમાં મોતને ભેટનાર બે યુવકોના વારસદારોને ટ્રિબ્યુનલે વળતર પેટે 72 લાખ રૂપિયા ચૂકવવા હુકમ કર્યો હતો.

કેસની વિગત એવી છે કે વરાછામાં ચિત્રકુટ સોસાયટીમાં રહેતા રોહિત જમનદાસ દેલવાડિયા અને અને પરવત પાટિયા પાસે સરગમ પાર્ક સોસાયટીમાં રહેતા સુધીર હરસુખભાઈ કરડાણી ઈલેક્ટ્રીકનું કામકાજ કરતા હતા. તેઓ બાઈક પર બેસીને કડોદરા ઈલેક્ટ્રીકના કામ માટે જતા હતા. રોહિત દેવલાડિયા બાઈક ચલાવતા હતા. તેઓ કડોદરામાં જે.જે. કોમ્પ્લેક્સ પાસેથી પસાર થતા હતા ત્યારે એક હાઈવા ટ્રકના ડ્રાઈવરે બેદરકારીથી ટ્રક ચલાવીને રોહિતની બાઇકને અડફેટે લેતા રોહિત અને સુધીર બંનેનું મોત નિપજ્યું હતું. તેથી બંનેના વારસદારોએ ટ્રકના માલિક, ડ્રાઈવર અને ઈફકો ટોકિયો જનરલ ઈન્સ્યોરન્સ કંપની પાસેથી વળતર મેળવવા માટે એડવોકેટ જયદીપ ભાલોડિયા મારફત ત્રણેય સામાવાળા વિરુદ્ધ મોટર એક્સિડેન્ટ ક્લેઈમ ટ્રિબ્યુનલમાં અરજી કરી હતી. જે ચાલી જતા ટ્રીબ્યુનલે ટ્રકના માલિક, ડ્રાઈવર અને ઈન્સ્યુરન્સ કંપનીને હુકમ કર્યો કે તેઓ રોહિતના વારસદારોને વળતર તરીકે 44 લાખ રૂપિયા અને સુધીરના વારસદારોને 28 લાખ રૂપિયા વ્યાજ સાથે ચૂકવી આપે.

# સુરતમાં 372 શતાયુ મતદાર ઘરેથી મતદાન કરી શકશે

**સૌથી** વધુ 54 સતાયુ મતદારો બારડોલી વિધાનસભામાં નોંધાયેલા છે, 85 વર્ષ પુરા કરનાર મતદારોને પણ મતદાન કરવા માટે પત્ર લખાશે

**જો કોઈ** મતદાર મતદાન મથક સુધી આવવા માંગતા હશે તો તેની પણ વ્યવસ્થા કરાશે

સુરતઃ કેન્દ્રીય ચૂંટણી પંચે લોકસભા ચૂંટણીને અનુલક્ષીને જાહેર કરેલી અનેક ગાઈડલાઈન્સમાં એક ગાઈડલાઈન એવી પણ છે કે જે મતદારો વયમાં 100 વર્ષ કે તેથી વધુ ઉંમરના છે તેવા સતાયુ મતદારોને ઓળખી કાઢીને તેઓ સરળતાથી મતદાન કરી શકે તે માટે ખાસ વ્યવસ્થા કરી આપવાની જવાબદારી સ્થાનિક ચૂંટણી પ્રશાસનના શીરે છે. સુરત શહેર જિલ્લામાં કુલ 372 સતાયુ મતદારો હોવાનો સત્તાવાર ડેટા ચૂંટણી તંત્ર પાસે છે.

સુરત શહેર જિલ્લાની કુલ 16 વિધાનસભા બેઠકોને સુરત, બારડોલી અને નવસારી એમ ત્રણ સંસદીય મત વિસ્તારોમાં વહેંચી નાંખવામાં આવી છે. 16 વિધાનસભા બેઠકો પૈકી સૌથી વધુ 54 સતાયુ મતદારો બારડોલી વિધાનસભા બેઠક પર નોંધાયા છે. આ સિવાય મજૂરા અને સુરત પશ્ચિમ વિધાનસભા મત વિસ્તારમાં 40-40 સતાયુ મતદારો છે. આ તમામ માટે વીઆઈપી ફેસેલિટી પૂરી પાડવામાં આવશે.

આ અંગે જિલ્લા કલેકટર ડો. સૌરભ પારધીએ જણાવ્યું હતું કે આ વખતે 85 તેમજ 100 વરસ પૂરા કરનારા મતદારોને પત્ર પાઠવવામાં આવશે. હાલ ચૂંટણી તંત્ર પાસે સમય પણ છે. જેથી કાગળો લખી શકાશે. તે ઉપરાંત સતાયુ મતદારોને ઘરેથી મતદાન કરવું હોય તો તે માટે પણ વ્યવસ્થા કરાશે. અને જો કોઈ મતદાર મતદાન મથક સુધી આવવા માંગતા હશે તો પણ વ્યવસ્થા કરાશે. જે અંગે ઓફિસર મોજણી કરી અહેવાલ મોકલશે.

### ક્યાં કેટલા સતાયુ મતદારો

| વિધાનસભા | સતાયુ મતદારો | | |
|---|---|---|---|
| ઓલપાડ | 23 | લિંબાયત | 12 |
| માંગરોળ | 34 | ઉધના | 5 |
| માંડવી | 37 | મજૂરા | 40 |
| કામરેજ | 26 | કતારગામ | 8 |
| સુરત ઉત્તર | 7 | સુરત પશ્ચિમ | 40 |
| વરાછારોડ | 8 | ચોર્યાસી | 28 |
| કરંજ | 7 | બારડોલી | 17 |
| | | મહુવા | 54 |
| | | **કુલ** | **372** |

### પ્લાસ્ટીક ફ્રી ઇલેક્શન રહેશે

આગામી લોકસભાની ચૂંટણીમાં પર્યવારવણને પણ ધ્યાનમાં રાખવામાં આવશે. ગત ઇલેક્શન વખતે પણ મતદાન કેન્દ્ર અને તમામ મતદાન પ્રક્રિયા દરમિયાન પ્લાસ્ટીકની સામગ્રીનો ઉપયોગ પ્રતિબંધિત ઠરાવાયો હતો. જે આ વરસે પણયથાવત રહેશે.

### સુરત શહેર જિલ્લામાં 21,282 મતદારોની ઉંમર 85 પ્લસ

સુરત શહેર જિલ્લામાં આગામી તા.7મી મે ના રોજ યોજનારા ચૂંટણી મતદાન દરમિયાન વયસ્ક મતદારોને ખાસ અગવડ ન પડે તે માટેની પૂરતી તકેદારી રાખવાની સૂચના સ્થાનિક ચૂંટણી પ્રશાસનને આપવામાં આવી છે. સતાયુ મતદારોને ખાસ વ્યવસ્થા મતદાન માટે કરી આપવાની સાથે એવી પણ ગાઇડલાઇન છે કે 85 વર્ષ કે તેથી વધુ વય ધરાવતા મતદારોને પણ મતદાનમાં અગવડ ન પડે તેની તકેદારી રાખવામાં આવે. સુરત શહેર જિલ્લાની કુલ 16 વિધાનસભા મત વિસ્તારોની લેટેસ્ટ મતદાર યાદી અનુસાર કુલ 21,282 મતદારો એવા છે જેમની ઉંમર 85 વર્ષ કે તેનાથી વધુ છે. આ મતદારોને તેમના રહેણાંકની નજીકના નિર્ધારિત મતદાન કેન્દ્ર પર મતદાન કરવા માટે લાવવા લઇ જવાની ખાસ વ્યવસ્થા કરવા માટે ગાઇડલાઇનમાં જણાવાયું છે.

## ઉધના રોડ પર જાહેરમાં ટેમ્પો રાખી વેચાણ કરતા દબાણકર્તાઓને પોલીસ બોલાવી ખદેડાયા

**રસ્તેથી** પસાર થતા નગરસેવકે પહેલા વિનંતી કરી પણ નહીં માનતા પોલીસ બોલાવી

સુરત : શહેરમાં ટ્રાફિકની સમસ્યા પ્રાણપ્રશ્ન બની ચૂકી છે. મનપા દ્વારા છેલ્લા કેટલાય મહિનાઓથી જીરો દબાણ રૂટ પર સતત દબાણ હટાવ ઝુંબેશ ચલાવી હોવા છતાં ખાસ કોઇ પરિણામ મળ્યું નથી. ત્યાં હવે જાહેર રસ્તાઓ પર અને સર્કલો પર ટેમ્પો ઊભો રાખીને શાકભાજી, ફળથી માંડીને શર્ટ, ટી-શર્ટ ગારમેન્ટ્સ વગેરેનું વેચાણ કરતા ટેમ્પોવાળાઓનું ન્યુસન્સ સતત વધવા માંડ્યું છે. ત્યારે ઉધના મેઈન રોડ પર આ રીતે જાહેર રસ્તા પર 8-10 લોકો ટેમ્પો ઉભો રાખી બુમો પાડી વેંચાણ કરી રહ્યા હોવાથી સ્થાનિક નગરસેવકે ટ્રાફિક પોલીસમાં ફરિયાદ કરતા ટેમ્પોને જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઉધના રોડ પર સ્વામિનારાયણ મંદિર ફૂટ ઓવરબ્રિજ પાસે જાહેર રસ્તા પર ટેમ્પો ઊભો રાખીને ટેમ્પોની આસપાસ 10-10 લોકોને ઉભા રાખી ટ્રાફિકને અડચણ થાય તે રીતે શર્ટ-ટીશર્ટનું વેચાણ કરવામાં આવતું હતું. આ લોકોની બુમો સાંભળીને ટુવ્હીલર ચાલકો અચાનક જ બ્રેક મારી ઉભા રહેતા હોય છે. તેથી ટ્રાફિક સમસ્યાની સાથે સાથે અકસ્માતનો પણ ભય રહેતો હોવાથી અહીંથી પસાર થતા કોર્પોરેટર સોમનાથ મરાઠે દ્વારા ટ્રાફિકને અડચણરૂપ ટેમ્પો દૂર કરવા માટે પહેલા વિનંતી કરવામાં આવી હતી આમ છતાં માથાભારે દબાણકર્તાઓ નહીં માનતા આખરે ટ્રાફિક કંટ્રોલ રૂમમાં ફોન કરીને ટ્રાફિક પોલીસ બોલાવાઇ હતી. તુરંત દોડી આવેલી પોલીસે ક્રેઇન દ્વારા ટેમ્પોને ટોઈંગ કરી લેવાયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### ફેમિલી ફીઝિશ્યન એસો. અને સિનિયર સિટીઝન ક્લબ ઓફ સુમુલ ડેરી રોડ દ્વારા કાર્યક્રમ યોજાયો



સુરતઃ ફેમિલી ફિઝિશિયન એસોસિએશન, સુરતના ઉપક્રમે વરિષ્ઠ નાગરિકોની જીવનની પાનખરમાં ,વસંતનો અનુભવ કરાવતો પ્રોજેક્ટ 'બુર્ઝગો કા હમસફર' અંતર્ગત સંગીતની સુરાવલી રેલાવતો કાર્યક્રમ 'સુરમયી સફર' તેમજ વરિષ્ઠ નાગરિકોમાં રસીકરણની ઉપયોગીતા સમજાવતો 'Adult vaccination' કાર્યક્રમ તાજેતરમાં સિનિયર સિટીઝન ક્લબ ઓફ સુમુલ ડેરી રોડના સભ્યો સાથે યોજાયો હતો. સંસ્થાના હોદ્દેદારો દ્વારા મહેમાનોને આવકારવાની સાથે અહેવાલો રજૂ કરાયા હતા. ડો. હરેશ ભાવસારે વરિષ્ઠ નાગરિકોમાં રસીકરણની અગત્યતા અને ઉપયોગીતા વિશે વિસ્તૃત વૈજ્ઞાનિક જાણકારી અને માહિતી આપી હતી. કાર્યક્રમમાં ડો. જયેશ તમાકુવાલા, ડો. હરેશ ભાવસાર, ડો.મધુસુદન અને રાધિકા ઉમરજી, ડો. દીપક અને ઈલા તોરાવાલા, ડો.જયેન્દ્ર અને પારુલ કાપડિયાએ ગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં ડો. દિપક તોરાવાલા, ડો.જયેન્દ્ર કાપડિયા તેમજ વિનોદ મોદીની જહેમત રહી હતી.

### ઝારખંડ સમાજે હોળી સ્નેહમિલન કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરી



સુરતઃ શહેરમાં સ્થાયી થયેલા પરપ્રાંતિય સંગઠનો દ્વારા હોળી સ્નેહમિલન કાર્યક્રમની ઉજવણીનું કાઉન્ડાઉન શરૂ થઇ ચૂક્યું છે. ત્યારે સમસ્ત ઝારખંડ સમાજ સેવા ટ્રસ્ટ સુરત દ્વારા રવિવારે હોળી સ્નેહમિલન સમારોહનું આયોજન કરાયું હતું, શહેરમાં પર્વત પાટિયા રોડ સ્થિત માધવ ફાર્મ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકગીતો, ફૂલ હોળી વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં લક્ષ્મીપતિ સારીના સંજય સરાવગી, પૂર્વ કાઉન્સિલર યજુવેન્દ્ર દુબે અને બિહારના સામાજિક નેતા રાજેન્દ્ર ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ઉમાશંકર વર્મા, વાસુદેવ મહતો, સંતોષકુમાર વર્મા, મહાદેવ વર્મા, ફૂલદેવ વર્મા, શંકર વર્મા, અશોક વર્મા સહિત અનેક ટ્રસ્ટીઓ જોડાયા હતા.

### અદાણી ગ્રામીણ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શિવાલય-૧૧ જૂનાગામ ચેમ્પિયન બની



સુરત : હજીરાના કાંઠા વિસ્તારના યુવાનો માટે અદાણી ફાઉન્ડેશન, હજીરા દ્વારા આયોજિત અઢી મહિના સુધી ચાલેલી અદાણી ગ્રામીણ ક્રિકેટ ટૂર્નામેન્ટની છઠ્ઠી સિઝનમાં જૂનાગામની શિવાલય ઇલેવન ચેમ્પિયન બની છે. ઓલપાડ અને ચોર્યાસી તાલુકાની ૧૨૧ ટીમના ૧૮૧૫થી વધુ ખેલાડીઓએ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. ટૂર્નામેન્ટની મેચ ભટલાઈ, હજીરા, વાંસવા તથા મોટાવાડા (મોરા)ના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાડાઇ હતી. ફાઇનલ મેચ શિવાલય ઇલેવન જૂનાગામ અને લવાછા ઇલેવન વચ્ચે રમાઈ હતી. સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન અદાણી ફાઉન્ડેશન હજીરાની ટીમએ ભટલાઇના નરેશભાઈ પટેલ, જૂનાગામના રમેશભાઈ પટેલ, ભગુભાઈ પટેલ, મોરાગામના ભરતભાઇ પટેલ તેમજ અનેક યુવાનોના સક્રિય સહયોગથી કરી હતી.

### ભલાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા મહિલાઓ માટે એક્ઝિબિશનનું આયોજન



સુરતઃ શહેરમાં સૌ પ્રથમવાર શહેરની અંદર મોટા વરાછા સ્થિત માતૃશ્રી ફાર્મમાં ભલાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્દવારા આગામી તારીખ 20, 21 અને 22મી માર્ચના રોજ સવારે 10:00 વાગે થી સાંજે 8:00 વાગ્યા સુધી માહી એક્ઝિબિશન આયોજિત કરાશે. આ એક્ઝિબિશનમાં પ્રથમ વાર 150થી પણ વધારે સ્ટોલ મહિલાઓ દ્વારા રાખવામાં આવ્યા છે. આ એક્ઝિબિશનમાં પ્રથમ દિવસે ભલાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટ તરફથી એક વર્ષથી લઈને પાંચ વર્ષ સુધીની પ્રથમ 21 દીકરીઓને ચાંદીનો સિક્કો અને એક વર્ષથી લઈને 25 વર્ષ સુધીની દીકરીઓને 400 દીકરીઓને સોનાનો નાકનો દાણો ભેટ સ્વરૂપમાં આપવામાં આવશે.

### પાંડેસરાની હોસ્પિટલમાં મેગા મેડિકલ કેમ્પ યોજાયો



સુરતઃ પાંડેસરામાં કૈલાસ ચોકડી પાસે આવેલીશ્રદ્ધા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલના ડોક્ટર ડી.એમ.પટેલ અને તેમના પુત્ર ડો. પવન પટેલે હોસ્પિટલમાં એક મેગા મેડિકલ કેમ્પનું આયોજન રવિવારે કર્યું હતું. જેનો લાભ 400થી વધુ દર્દીએ લીધો હતો. આ કેમ્પમાં બ્લડ શુગર, ઇસીજી, લોહીની તપાસ અને જરૂરિયામંદોને વિનામૂલ્ય દવાઓ આપવામાં આવી હતી. સાથે ત્વચા રોગના એક્સપર્ટ ડો.હિતેશ ચૌહાણે પણ સેવા આપી હતી.

### વલ્લભ યૂથ ઓર્ગેનાઈઝેશન દ્વારા હોલી-રસિયા-ફૂલફાગ મહોત્સવ યોજાયો

સુરતઃ વૈષ્ણવાચાર્ય ગોસ્વામી 108 વ્રજરાજકુમારના સાંનિધ્યમાં હોલી-રસિયા-ફૂલફાગનો ભવ્ય મહોત્સવ સોમવારે પુણા ગામ સિલ્વર ચોક સ્થિત અવલબા ફાર્મ યોજાઈ ગયો હતો. વલ્લભ યુથ ઓર્ગેનાઇઝેશન દ્વારા પણ હોળી રસિયાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યકમના આયોજનમાં રાજકીય આગેવાનો અને વૈષ્ણવ સંપ્રદાયના લોકો ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારે હરિ નામનું સંકિર્તન ઉપસ્થિતને કરાવ્યું હતું. વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારે તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, સનાતન ધર્મની રક્ષા કરવી એ પ્રત્યેક નાગરિકની ફરજ છે. કાર્યક્રમમાં વૈષ્ણવ અગ્રણીઓ અને સ્થાનિક આગેવાનો ચીમનભાઈ વોરા, ભરતભાઈ ગલાણી, પંકજભાઈ સિદ્ધપરા, અરવિંદભાઈ કિકાણી, પોપટભાઈ પાંચાણી, નીતિનભાઈ રાદડિયા, મુખ્ય મનોરથી ભાવીનીબેન ભાવિકભાઈ પટેલ, બ્રિન્દાબેન સચિન સહિત અનેક હાજર રહ્યા હતા.

### પારસી જરથોસ્તી સમાજ માટે ખુશાલીનું જમણ

સુરતઃ મ. માણેક અને મેં રતન નોશીર ગેઆરા ઉત્સવ ઉજવણી સમિતી તરફથી ખુશાલીનું જમણ તા. ૨૧-૦૩-૨૦૨૪, ગુરૂવાર, સમસ્ત પારસી જરથોસ્તી સમાજને માટે રાત્રે ૭.૩૦ થી ૧૦.૦૦ કદીમ આતશબહેરામ સાહેબ, સુરત ખાતે થશે. આમંત્રણ પત્રિકા ૨૦ની સાંજ પહેલા મેળવી લેવી. સ્થળ પર કોઈપણ સંજોગે આમંત્રણ પત્રિકા આપવામાં આવશે નહી તેમ એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.